# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૩/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૫૩ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૩/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી શેખાત અશોકકુમાર એલ.C/O. ધર્મ પલ્સ ઈન્ડસ્ટ્રીઝ ગામ – અજાબ

સબડીવીઝન: કેશોદ ગ્રામ્ય

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી કેશોદ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: ગુરુવાર (૨૧.૧૦.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે એમોએ ગ્રા.નં. ૮૦૨૧૬/૧૧૧૮૨/૦ થી ૬૭ K .W . નું વિજકનેશન તા. ૧૪-૦૭-૨૦૨૦ થી લીધેલ હતું એચએએલ આ જગ્યા એમોએ ધર્મપલ્સ ને ભાડે આપી દીધેલ હોય એમોએ નામ બદલી કેશોદ રૂરલ કચેરીમાં અરજી કરેલ હતી તો ત્યાંથી તેવું જણાવેલ કે બે વર્ષ પુર્ણ થયેલ નથી તથા બે વર્ષનો મિનીમમ ચાર્જ ભરવા જણાવેલ છે તો અમારે જણાવવાનું કે અમો પી.જી.વી.સી.એલ. ના કાયમી ગ્રાહક રહ્યા છીએ અમારે કનેક્શન રદ્દ કરવાનું થતું નથી તથા અમો જે નિયમ મુજબ બિલમાં મિનિમમ ચાર્જઆવે તે ભરપાઈ કરીએ છીએ તો અમારા વિજ કનેક્શનમાં નામ બદલી આપવા યોગ્ય કરશો. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે અત્રે ની કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા અજાબ ગામના વાતની શ્રી અશોકભાઈ લાલજીભાઇ શેખાત દ્વારા તેમના ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન માં નામ ટ્રાન્સફર અંગે સીજીઆરએફ ફોરમ રાજકોટ સમક્ષ ફરિયાદ કરેલ હતી.

૨.૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૧૨.૧૦.૨૦૨૧ ફરિયાદ નું શુખદનિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા.૧૨.૧૦.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની કેશોદ ગ્રામ્ય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ કેશોદવિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૨.૧૦.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |